Date :- 26-02-2025
Gujarat Samachar, Page-02, Surat

## મેટ્રો, બુલેટ ટ્રેન, MMTHને એકસાથે જોડી ૧૫ મિનિટ્સ સિટી કન્સેપ્ટ તૈયાર થશે

# અંત્રોલી બુલેટ ટ્રેન વિસ્તાર ફરતે ૯૦૯ એકર જમીનમાં રાજ્યની મોડલ ટીપી સ્કીમ બનશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

શહેરના છેવાડે અંત્રોલી સ્થિત બુલેટ ટ્રેન (હાઈ સ્પીડ રેલ કોરીડોર) વિસ્તારની ફરતે રાજ્યની સૌથી એડવાન્સ ટીપી સ્કીમ બનાવવા આયોજન થયું છે. ટાઉન પ્લાનિંગ સ્કીમની રચના માટે સૌપ્રથમવાર ભારત સરકારની મદદ લેવાશે. મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ જાપાનના જાયકા (જાપાન ઈન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી) સાથે સુરત મહાપાલિકા અને સુડા સંયુક્ત રીતે ટીપી સ્કીમની રચવા કરવા જઈ રહ્યું છે. હાઈસ્પીડ રેલવે ઝોન (HSR) ખાતે ૯૦૯ એકરમાં ૧૫ મિનિટ્સ સિટી કન્સેપ્ટ સાથે ટીપી સ્કીમ બનાવવા તજવીજ હાથ ધરાઈ છે.

## સુરત મહાનગરપાલિકા અને સુડા સાથે મળી જાયકા (જાપાન) અને મહુઆના સહયોગથી હાઈસ્પીડ રેલવે ઝોનમાં ટીપી સ્કીમની રચના કરશે

સુરત શહેરના આયોજનબદ્ધ વિકાસના મૂળમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ પાયાની ભૂમિકા ભજવી રહ્યું છે. પ્રાથમિક અને માળખાગત સુવિધાઓના વિકાસ સાથે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપ્મેન્ટ માટે જરૂરી જમીન મેળવવામાં તંત્રને સરળતા પડી રહી છે. સુરત સિટીની ભાગોળે સૌપ્રથમવાર સુરત મહાપાલિકા અને સુડા સંયુક્ત રીતે ટીપી સ્કીમની રચના કરવા જઈ રહ્યું છે. આ અંગે મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું કે, આગામી દિવસોમાં સુરતથી બુલેટ ટ્રેન સુવિધા શરૂ થવા જઈ રહી છે. અમદાવાદ કે મુંબઈ માત્ર ૪૫ મિનિટમાં પહોંચી શકાશે.

એટલું જ નહીં, કામકાજ પૂર્ણ કરી વ્યક્તિ ઝડપથી સુરત પરત ફરી શકાશે. શહેરની આર્થિક ગતિવિધિને ધ્યાને લઈ તથા મુંબઈના વિકલ્પ તરીકે આ વિસ્તારને ડેવલપ કરવા અહીં મોડેલ ટીપી સ્કીમની રચના કરવા નિર્ણય લેવાયો છે.

આ ટીપી સ્કીમ અંતર્ગત શહેરીજનોને કોઈ હાલાકી નહીં નડે તે માટે ૧૫ મિનિટ્સ સિટી કન્સેપ્ટ હેઠળ લોકો માટે એક જ સ્થળે પરિવહનની એકથી વધુ સુવિધાઓ ડેવલપ કરવામાં આવશે. મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH), બુલેટ ટ્રેન, મેટ્રો સહિત લોકલ ટ્રાન્સપોર્ટ સર્વિસને એકબીજા સાથે જોડી દેવામાં આવશે. જેનો રોડ મેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ ટીપી સ્કીમની રચનાથી શહેરના વિવિધ ક્ષેત્રો સાથે રીઅલ એસ્ટેટ ક્ષેત્રે પણ નોંધપાત્ર રોજગારીનું સર્જન થશે.




### મોડલ ટીપી સ્કીમ હેઠળ થનારું આયોજન

- ટીપી સ્કીમમાં લેન્ડ રિઝર્વેશન ૫૦ ટકા રખાશે
- સસ્ટેનેબલ ગ્રીન ફિલ્ડ ટાઉનશીપ ડેવલપ થશે
- લો-એમીશન ઝોન
- મલ્ટીમોડલ પબ્લિક ટ્રાન્સપોર્ટ
- એજ્યુકેશન એન્ડ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર
- ગ્રીન સ્પેસ એરિયા
- અર્બન ફોરેસ્ટ
- સાઈકલિંગ ટ્રેક
- વોકિંગ ટ્રેક

### બાંધકામ માટે મહત્તમ 5.4 FSI અપાશે

મોડલ ટીપી સ્કીમ હેઠળ આવરી લેનારા વિસ્તારોમાં રહેણાંક મિલકતો માટે 1.8 FSI સાથે ૩.૬ પેઈડ FSI આપવાનું ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટમાં નક્કી કરવામાં આવ્યું છે. આ ટીપી સ્કીમના ડીપીઆર મુજબ અહીંથી સુરત મહાપાલિકાનો વિસ્તાર માત્ર ૨ કિલોમીટરના અંતરે હશે. સુરત રેલવે સ્ટેશન ૧૦ કિલોમીટરે, સુરત એરપોર્ટ ૨૩.૬ કિલોમીટર અને ડાયમંડ બુર્સ ૨૦.૭ કિલોમીટરના અંતરે હશે. આ તમામ સ્થળ સુધી પહોંચવા MMTHનો ઉપયોગ થશે. અહીંથી નેશનલ હાઈવે અને એક્સપ્રેસ હાઈવે સુધી પણ ગણતરીની મિનિટોમાં પહોંચી શકાય એ માટે રોડ-રસ્તાની પહોળાઈ અન્ય મુખ્ય માર્ગથી વધુ રાખવામાં આવશે.